| GJBK120007822022 | |
|---|---|
| | દાખલ તારીખ ૧૭/૧૦/૨૦૨૨ |
| | રજુ તારીખ ૧૭/૧૦/૨૦૨૨ |
| | ફેસલ તારીખ ૦૯/૦૩/૨૦૨૩ |
| | અવધિ દિવસ માસ વર્ષ |

**આંક :–**

---

અમીરગઢના મહે.જ્યુડિશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટમાં,
મું.અમીરગઢ.

---

**ક્રિમીનલ કેસ નં.૬૦૫/૨૦૨૨**

**ફરીયાદી** :– શ્રી સ ર કા ર

**વિ રૂ ઘ્ધ**

**આરોપી** :– રહીશખાન સતારખાન મકરાણી,
રહે. મકરાણીવાસ અમીરગઢ, તા.અમીરગઢ,
જિ.બનાસકાંઠા.

**આરોપ** :– ઈ.પી.કો.કલમ– ૨૭૯,૩૩૭ તથા એમ.વી.એકટની કલમ–૧૭૭,૧૮૪ મુજબ.

---------

શ્રી સરકાર તરફે વિ.એ.પી.પી.શ્રી એમ.સી.મહેશ્વરી
આરોપી તરફે વિ.વકીલશ્રી જે.એમ.રણાવાસીય

-------

------

**ચુ કા દો**

(૧) ફરિયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ પોતાના કબજા ભોગવટાનું જ્યુપીટર નં.આર.જે.૨૪.એસ.એન.૬૬૧૮ નું પુરઝડપે અને

ગફલતભરી રીતે ચલાવી આગળ અચાનક ગાય આવતાં બ્રેક મારતા જયુપીટર સ્લીપ ખાઈ ગયેલ અને રોડ ઉપર પડી ગયેલ જેથી પોતાને સામાન્ય ઈજાઓ કરેલ અને પાછળ બેઠેલ સજજાદખાનને માથાના ભાગે તથા શરીરે ઓછી–વધતી ઈજાઓ કરી , ભારતીય દંડ સંહીતાની કલમ–૨૭૯,૩૩૭ તથા એમ.વી. એકટ કલમ–૧૭૭, ૧૮૪ મુજબનો શિક્ષાપાત્ર ગુનો અત્રેની કોર્ટની હકુમતમાં કરેલો જે બાબતનું ચાર્જશીટ પોલીસે અત્રેની કોર્ટમાં રજુ કરેલ છે.

(૨) સદરહું કામનો સમન્સ આરોપીને બજતાં આરોપી તેઓના વિધ્વાન વકીલ શ્રી મારફતે નામદાર કોર્ટમાં હાજર થતાં આરોપીને પોલીસ પેપર્સની નકલો આપ્યા બાદ આરોપીનો લેખિત જવાબ નોંધવામાં આવેલ છે. આરોપીએ ગુનાનો ઈન્કાર કરતાં ત્યારબાદ ફરિયાદપક્ષનો પુરાવો નોંધવામાં આવ્યો.

(૩) સદરહું કામે ફરિયાદપક્ષે તેઓના કેસના સમર્થનમાં નીચે મુજબનો પુરાવો રજુ કરેલ છે.

**મૌખિક પુરાવો :–**

(૧) આંક–૦૫ થી ફરીયાદી, સત્તારખાન જાનમહંમદ મકરાણીની જુબાની.

(૨) આંક–૦૭ થી પંચ, ચંદુભાઈ મણીલાલ ઠાકોરની જુબાની.

(૩) આંક.૧૦ થી પંચ કાસમભાઈ ઈસ્માઈલભાઈ સીન્ધીની જુબાની.

**દસ્તાવેજી પુરાવા :–**

(૧) આંક–૦૬ થી ફરીયાદ.

(૨) આંક–૦૮ થી પંચનામુ.

આ સિવાય ફરીયાદપક્ષે બીજો કોઈ પુરાવો રજુ કરેલ નથી, રજુ થયેલ પુરાવો ધ્યાને લેતાં આરોપીનો ક્રિ.પ્રો.કો.કલમ–૩૧૩ અન્વયે વિશેષ જવાબ નોંધવામાં

આવેલ છે જેમાં આરોપીએ જણાવેલ છે કે તેઓ નિર્દોષ છે અને તેઓના ઉપર ખોટો કેસ કરેલ છે.

(૪) મારા નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

મુદ્દા.૧. શું ફરિયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ પોતાના કબજા ભોગવટાનું જયુપીટર નં.આર.જે.૨૪.એસ. એન. ૬૬૧૮ નું પુરઝડપે અને ગફલતભરી રીતે ચલાવી આગળ અચાનક ગાય આવતાં બ્રેક મારતા જયુપીટર સ્લીપ ખાઈ ગયેલ અને રોડ ઉપર પડી ગયેલ જેથી પોતાને સામાન્ય ઈજાઓ કરેલ અને પાછળ બેઠેલ સજ્જાદખાનને માથાના ભાગે તથા શરીરે ઓછી-વધતી ઈજાઓ કરી , ભારતીય દંડ સંહીતાની કલમ-૨૭૯, ૩૩૭ તથા એમ.વી. એકટ કલમ-૧૭૭, ૧૮૪ મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો કરેલ છે ?

મુદ્દા. ૨. શું હુકમ ?

(૫) ઉપરોકત નિર્ણીત મુદ્દા અંગેના મારા નિર્ણયો નીચે મુજબ છે.

મુદ્દા.૧. નકારમાં,

મુદ્દા.૨. આખરી હુકમ મુજબ.

**<u>-:- કા ર ણો -:-</u>**

**<u>મુદ્દા.નં.૧ અને ૨ :-</u>**

(૬) ફરીયાદપક્ષ તરફથી આરોપી વિરૂઘ્ઘ મુખત્વે ઈ.પી.કો.કલમ- ૨૭૯, ૩૩૭ તથા એમ.વી.એકટની કલમ-૧૭૭,૧૮૪ મુજબના ગુનાનો આક્ષેપ કરવામાં આવેલ હોઈ સદરહું હકીકત પુરવાર કરવા માટે ફરીયાદપક્ષે આરોપીએ બનાવ સમયે જાહેરમાં પોતાના હવાલાનું વાહન બેદરકારીપુર્વક,

બેફામપણે અને મનુષ્યની જીંદગી જોખમમાં મુકાય તે રીતે ચલાવી અકસ્માત કરી ઈજાઓ કરેલ હોવાની હકીકત નિ:શંકપણે પુરવાર કરવાની રહે, એટલે કે ઈજાના તત્કાળ કારણ તરીકે આરોપીનું બેદરકારીપુર્વક કૃત્ય હોવું આવશ્યક છે.

(૭) ફોજદારી કાર્યવાહીમાં પુરાવાનો બોજો ફરિયાદપક્ષ પર રહેલ છે. ફરિયાદ પક્ષે પોતાની હકીકત શંકાથી પર સાબિત કરવાની હોય છે.દિવાની કાર્યવાહી જે રીતે સંભવિતતા દર્શાવવામાં આવતી હોય છે તેવી હકીકત ફોજદારી કાર્યવાહીમાં નથી હોતી. ફોજદારી કાર્યવાહીમાં તમામ તબકકે પુરાવાનો બોજો આરોપી ઉપર બેસતો નથી. ફરિયાદ પક્ષે માત્ર સંભવિતતા દર્શાવવાની હોતી નથી, પરંતુ આરોપી ઉપરનું તહોમત નિ:શંકપણે પુરવાર કરવાનું રહે છે. સાબિત થયેલ હકીકતો કોને કહેવાય તે જોવામાં આવે તો ન્યાયાલય સમક્ષ પડેલી બાબતો પરથી એક સામાન્ય સમજદારી ધરાવતી વ્યકિત જે તે સંજોગોમાં જે તે હકીકતો અસ્તિત્વ હોવાનું માને છે તો તેવી હકીકતો સાબિત થયેલ ગણાય. હાલના કામે આરોપી વિરૂઘ્ધ ઈ.પી.કો.કલમ–૨૭૯,૩૩૭ તથા એમ.વી.એકટની કલમ–૧૭૭,૧૮૪ મુજબના ગુનાનો આક્ષેપ હોય. સદરહું કલમ અન્વયે આવશ્યક તત્વ મુજબના ગુનો સાબિત કરવા ફરિયાદીએ ભારતીય પુરાવા અધિનિયમની કલમ ૧૦૧ થી ૧૦૩ મુજબ પુરાવા રજુ કરવાની જવાબદારી ફરિયાદપક્ષની છે.

**<u>આરોપાયેલ કલમોના આવશ્યક તત્વો :–</u>**

**<u>ઈ.પી.કો.કલમ–૨૭૯ ના આવશ્યક તત્વો.</u>**

૧. આરોપી વાહન હાંકતો હતો અથવા તેના ઉપર સવાર હતો.

૨. તે જાહેર માર્ગ ઉપર હાકતો હતો અથવા સવાર હતો.

૩. તે અવિચારી અથવા બેદરકાર રીતે હાંકતો અથવા સવારી કરતો હતો.

૪. એવી સવારી અથવા હાંકવાનું માનવ જીવન માટે ભયજનક હતું અથવા તેનાથી વાગવાનું અથવા ઈજા થવાનો સંભવ હતો.

**<u>આ કામે મોટર વ્હીકલ એકટની કલમ–૧૮૪ ની સાથે કલમ–૧૭૭ વાંચતાં ફરીયાદ પક્ષે નીચે મુજબની વિગત પુરવાર કરવી જરૂરી છે.</u>**

૧. આરોપીએ લોકો માટે જોખમી હોય તે રીતે વાહન ચલાવેલ છે.

૨. આરોપીએ કોઈ વ્યકિતને અકસ્માતમાં ઈજા કરેલ છે.

આ કામે આરોપી સામે આક્ષેપાયેલ ગુનો ઈ.પી.કો.કલમ–૨૭૯ ની વ્યાખ્યા વંચાણે લેવી જરૂરી છે જે નીચે મુજબ છે.

**<u>Penal Code (45 of 1860), S. 279 NEGELIGENCE</u>**

Rash and negligent driving-Offence under-lgredients of rash and negligent driving on public road endangering human life or likely to cause injury must be established - Mere carelessness of error of judgement not sufficient - Accident resulting in death failure of prosecution to prove rash and negligent driving of accused - Bare statement that vehicle was being driven in high speed not sufficient - Accused entitled for acquittal.

<u>" Section 279, IPC</u> deals with rash and negligent driving of any vehicle or riding on a public way in rash and negligent manner so as to endanger human life or likely to cause hurt or injury to any person. In order to constitute an offence under Section 279, IPC, It must be established that the accused was driving the vehicle on a public way in a rash and negligent manner to endanger human life or likely to cause hurt or injury to any

other person. For the purpose of Section 279 rash and negligence may be described as criminal rashness or criminal negligence. It must be more than mere carelessness of error of judgment.

The essential ingredients of Section 279 are:

(i) Rash and negligent driving or riding on a public way.

(ii) The act must be such as to endanger human life or likely to cause hurt or injury to any person. For an offence punishable under Sec. 304-A IPC, the point to be established is that the act of accused was responsible for resulting in the death and such act of the accused was rash and negligent although it did not amount to culpable homicide. To establish either of Section 279 or 304 A, rash and negligent has to be established, but only distinction is that in Section 279 rash and negligent act relates to the manner of driving or riding on a public way, while offence under Section 304 A extends to any rash and negligent act falling short of culpable homicide. As indicated above, rashness or negligence to be established must be more than an error of judgment, Distinction between rashness and negligence is that negligence connotes want of proper care, while rashness conveyes the idea of reckless doing of an act without consideration of any consequences.

**<u>ફરીયાદપક્ષે રજુ થયેલ પુરાવો :–</u>**

(૮) ફરીયાદપક્ષે ઉપરોકત મુદ્દાઓના ન્યાયિક નિર્ણય તેમજઆરોપી સામે આક્ષેપાયેલ ગુના અંગેના આવશ્યક તત્વોની સાબિતી અંગે ફરીયાદ પક્ષે સાહેદો નો પુરાવો નોંધવામાં આવેલ છે જેનો ટુંકમાં હકીકત નોંધવામાં આવેલ છે. જે ફરીયાદપક્ષના કેસના કામે સદરહું સાહેદનો પુરાવો વંચાણે લઈએ તો ફરીયાદપક્ષે આંક–૦૫ થી ફરીયાદી સત્તારખાન જાનમહંમદ મકરાણીને સોગંદ

ઉપર તપાસવામાં આવેલ છે. તેઓએ જણાવેલ છે કે તા.૦૩–૦૭–૨૦૨૨ ના રોજ સવારના નવેક વાગ્યે તેઓ રેવદર સેલવાડા મુકામે ગાડીમાં પથ્થર ભરાવવા સારુ ગયેલ હતા તે સમયે રહીશખાનનો ફોન આવેલ કે તેઓ સજજાદખાનને જુપીટર નં.આર.જે.૨૪.એસ.એન. ૬૬૧૮ ઉપર બેસાડી અમીરગઢથી ઈકબાલગઢ આવતા હતા અને સજજાદખાન પાછળ બેઠેલ હતા ત્યારે પુલ પાસે આવતા એક ગાય દોડી એકદમ ગાડી આગળ આવી ગયેલ તે સમયે બ્રેક મારેલ પરંતુ ગાડી સ્લીપ ખાઈ જતા બંને જણા રોડ ઉપર પડી ગયેલ જેમાં રહીશખાનને સામાન્ય ઈજા થયેલ પરંતુ સજજાદખાનને માથામાં ગંભીર ઈજા થયેલ હોય તેને પાલનપુર સ્વસ્તીક હોસ્પીટલમાં દાખલ કરેલ અને ત્યારબાદ વધુ સારવાર માટે પાલનપુરથી અમદાવાદ લઈ ગયેલ જે હજુ સુધી સારવાર હેઠળ છે અને તેને હેમરેજ થઈ ગયેલ હોઈ ભાનમાં નથી. જે બનાવ વખતે ઉપરોકત ગાડી રહીશખાન ચલાવતા હોવાનું જાણેલ. જે ગાડી બનાવ સમયે ધીમી ચાલતી હોવાનું જાણેલ. બનાવની ફરીયાદ આપેલી જે ફરીયાદ આંક.૬ થી રજુ છે.

બચાવપક્ષે વિ.વ.શ્રી ધ્વારા સદરહું ફરીયાદીની ઉલટતપાસ કરવામાં આવેલ છે તેમાં તેઓએ કબુલ રાખેલ છે કે બનાવ અંગે તેઓને જાત માહિતી નથી.

(૯) ફરીયાદપક્ષે આંક–૦૭થી પંચ ચંદુભાઈ મણીલાલ ઠાકોરને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે તેઓએ તેમની જુબાનીમાં જણાવેલ છે કે સદરહું પંચનામા અંગે તેઓ કશુ જાણતા નથી. પંચનામુ કયારે અને કઈ જગ્યાએ કરેલ તેની તેઓને જાણ નથી. તા.૧૭–૮–૨૨ ના રોજના પંચનામાની સહી ઓળખી બતાવેલ છે. જે પંચનામુ આંક.૮ થી રજુ છે. જે પોલીસે રસ્તામાં ઉભા રાખી તૈયાર લખેલા કાગળમાં સહી કરાવેલ. તેમાં શું લખેલ હતુ તેની તેઓને કાંઈ જાણ નહોતી.

સદર પંચ પંચનામાની હકીકતને સમર્થનકારી પુરાવો આપતા ન હોઈ, વિ.એ.પી.પી.શ્રી દવારા ફરી ગયેલા જાહેર કરેલ છે અને ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછેલા તેમ છતાં તેઓ પંચનામાની હકીકતને સમર્થન કરતા નથી.

સદર પંચની બચાવપક્ષે લેવામાં આવેલ ઉલટતપાસમાં કબુલ રાખેલ છે કે તેઓ પંચનામામાં સહી કરવા સિવાય કશુ જાણતા નથી.

(૧૦) ફરીયાદપક્ષે આંક–૧૦થી પંચ કાસમભાઈ ઈસ્માઈલભાઈ સીન્ધીને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે તેઓએ તેમની જુબાનીમાં જણાવેલ છે કે સદરહું પંચનામા અંગે તેઓ કશુ જાણતા નથી. પંચનામુ કયારે અને કઈ જગ્યાએ કરેલ તેની તેઓને જાણ નથી. તા.૧૭–૮–૨૨ ના આંક–૮ વાળા પંચનામાની સહી ઓખળી બતાવેલ છે. જે પોલીસે રસ્તામાં ઉભા રાખી તૈયાર લખેલા કાગળમાં સહી કરાવેલ. તેમાં શું લખેલ હતુ તેની તેઓને કાંઈ જાણ નહોતી.

સદર પંચ પંચનામાની હકીકતને સમર્થનકારી પુરાવો આપતા ન હોઈ, વિ.એ.પી.પી.શ્રી દવારા ફરી ગયેલા જાહેર કરેલ છે અને ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછેલા તેમ છતાં તેઓ પંચનામાની હકીકતને સમર્થન કરતા નથી.

સદર પંચની બચાવપક્ષે લેવામાં આવેલ ઉલટતપાસમાં કબુલ રાખેલ છે કે તેઓ પંચનામામાં સહી કરવા સિવાય કશુ જાણતા નથી.

(૧૧) આમ, ફરિયાદપક્ષે રજુ થયેલ સમગ્ર પુરાવાનુ મુલ્યાંકન કરવામાં આવે તો, આ કામે ફરીયાદી તથા પંચોને તપાસવામાં આવેલ છે. તેમાં ફરીયાદી તથા પંચો હોસ્ટાઈલ જાહેર થયેલ છે જેથી ફરીયાદ તથા પંચનામુ પુરવાર થયેલ નથી. વધુમાં ફરીયાદીને અકસ્માતની જાણ થયેલ છે અને તેઓએ ફરીયાદ આપેલ છે. આ અકસ્માતમાં ઈજાઓ થયેલ છે. પરંતુ બનાવ વખતે અકસ્મતમાં સંડોવાયેલ

વાહનનો નંબર પુરાવામાં જણાવેલ નથી. તેમજ હાલના આરોપીની બેદરકારીને કારણે બનાવ બનેલ હોવાનું પુરવાર થયેલ નથી. પરંતુ બનાવ વખતે એક ગાડી એકદમ દોડી આવતાં તે સમયે બ્રેક મારેલ અને વાહન સ્લીપ ખાઈ જતાં બંને જણા રોડ ઉપર પડી જતાં ઈજા થયેલાનું રેકર્ડ પર આવેલ છે. આ કામે વધુ પુરાવો રજુ થયેલ નથી. પરંતુ અકસ્માત એક ગાય આવી જતા અકસ્માત થયેલાનું રેકર્ડ પર આવેલ છે. આમ અકસ્માત વાહન ચાલકની બેદરકારીને કારણે બનવા પામેલ હોવાનું રેકર્ડ પર આવેલ નથી. ત્યારે ફરીયાદપક્ષનો સમગ્ર પુરાવો જોતાં અકસ્માત વાહન ચાલકની બેદરકારીને કારણે બનેલ છે તે પુરવાર થયેલ નથી. તેમજ પંચ સાહેદ હોસ્ટાઈલ થયેલ હોવાથી પંચનામુ પુરવાર થતુ નથી.

(૧૪) સદર કામે આરોપી ઉપર ભારતીય દંડ સંહિતાની કલમ ૨૭૯ મુજબ આક્ષેપ છે.તેથી ફરિયાદપક્ષે વ્યાજબી શંકાથી પર એ પુરવાર કરવામાં નિષ્ફળ રહેલ છે કે બનાવ સમયે આરોપી બેદરકારીથી ગફલતભરી રીતે પુર ઝડપે ડ્રાઈવીંગ કરતા હતા. ભારતીય દંડ સંહિતાની કલમ-૨૭૯માં ગુનો પુરવાર કરવામાં માત્ર પુરઝડપ નહી, પરંતુ આરોપીની બેદરકારીનું કૃત્ય પણ પુરવાર કરવું અતિ આવશ્યક અને જરૂરી છે. વધુમાં આરોપી વિરૂધ્ધ ઈ.પી.કોડની કલમ-૩૩૭ તથા એમ.વી. એકટની કલમ-૧૭૭, ૧૮૪ ના આક્ષેપો પુરવાર થઈ શકે નહી કારણ કે વાહન અકસ્માતના કેસમાં ઈ.પી.કોડની કલમ-૩૩૭ તથા એમ.વી.એકટની કલમ-૧૭૭,૧૮૪ ઈ.પી.કોડની કલમ-૨૭૯ની આનુસંગિક કલમો ગણાય. જેથી ફરિયાદપક્ષ ઈ.પી.કોડની કલમ-૨૭૯ના તત્વો પુરવાર કરી શકેલ નથી અને તેથી આરોપીને શંકાનો લાભ મળવો જોઈએ. જેથી ફરિયાદપક્ષ સાબિત કરી શકેલ નથી કે બનાવ વખતે હાલના કામના આરોપી અકસ્માતવાળુ વાહન ચલાવતા હતા. આમ,ઉપરોકત તમામ ચર્ચા ને આધીન મુદ્દા નં.૧નો જવાબ નકારમાં આપી,મુદ્દા નં.૨ અન્વયે આખરી હુકમ નીચે મુજબ કરવામાં આવે છે.

**<u>હુ ક મ</u>**

- ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૨૫૫(૧)અન્વયે આરોપી સામેના ઈ.પી.કો. કલમ–૨૭૯, ૩૩૭ તથા એમ.વી.એકટની કલમ–૧૭૭, ૧૮૪ મુજબના ગુના અન્વયે પુરતા પુરાવાના અભાવે શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.
- આરોપીના ક્રિમી.પ્રોસી.કોડ કલમ–૪૩૭(એ) મુજબ અપીલ સમય સુધી ના જામીન ચાલુ રાખવામાં આવે છે.

સદરહું હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવીને જાહેર કર્યો.

તા. ૦૯/૦૩/૨૦૨૩
અમીરગઢ

( **શૈલેષકુમાર ગણપતલાલ પરમાર** )
જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
અમીરગઢ.
**યુનિક કોડ નં.જીજે૦૧૧૪૬**